

દરિયો નજીક છતાં પાણીની તરસ

» ચોમાસામાં વરસાદી પાણીનો માર, ભરાવો અને શિયાળા-ઉનાળામાં સિંચાઈના પાણીના અભાવે જમીનો તરસી પડી છે

» ઉકાઈ નહેરના પાણી છેવાડાના વિસ્તાર સુધી માંડ પહોંચે છે, ઘઉં, શેરડી સહિતની ખેતીની જુગાર જેવી હાલત થઈ ગઈ

# ઓલપાડમાં પાણીનો કકળાટ, 50 ટકા ખેડૂતોને વલખાં

**ઓલપાડ** કાંઠાના દેલાસા, મિરજાપોર, કરંજ પારડી, આડમોર, લવાછા, ભાંડુત, ખોસાડિયા, પિંજરત સહિતનાં ગામોના ખેડૂતોના હાલ બેહાલ

ઓલપાડઃ ઓલપાડ કાંઠાના દેલાસા, મિરજાપોર, કરંજ પારડી, આડમોર, લવાછા, ભાંડુત, ખોસાડિયા, પિંજરત સહિતનાં ગામોના ખેડૂતોના હાલ અત્યારે બેહાલ છે. કારણ કે, 50 ટકા ખેડૂતોને પાણી મળ્યું જ નહીં હોવાની ચોંકાવનારી વિગતો સાંપડી રહી છે.

નહેરની સુવિધાને કારણે સુરત જિલ્લાના કેટલાય વિસ્તારમાં ખેડૂતો ત્રણ પાક પણ લેતા થયા છે. પરંતુ ટેઇલ વિસ્તારની હાલત આજે પણ કફોડી છે. ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના ખેડૂતો આવી જ વિટંબણામાંથી પસાર થઈ રહ્યા છે. ચોમાસામાં વરસાદી માર, પાણીનો ભરાવો, શિયાળા અને ઉનાળામાં સિંચાઈના પાણીના અભાવથી હજારો હેક્ટર ખેતરો બંજર ભૂમિની જેમ પડ્યાં રહે છે. કાંઠા વિસ્તારમાં જે ખેડૂતો ખેતી કરે છે એ પણ એક 'જુગાર' જ છે. ઉકાઈ જમણા કાંઠા નહેરના પાણી ઓલપાડના છેવાડાના વિસ્તાર સુધી માંડ પહોંચે છે. એ પણ ઉપરનાં ગામોમાં શેરડી પકવતા ખેડૂતો શેરડીને પિયત નહીં કરી લે ત્યાં સુધી તો આશા રાખવી નિરર્થક છે.

વધુમાં સિંચાઈ વિભાગ દ્વારા કારણે પણ રવી પાક લેવો હોય તો સમસ્યા સર્જાય છે. વર્ષોથી આ સમસ્યા છે, જેનું નિરાકરણ આવતું નથી. હાલમાં સરોલી પાસે નહેરમાં ગાબડું પડતાં હજીરા માઇનોર ઉપર આધારિત ખેડૂતો ઘઉં અને ડાંગરને પાણી આપવા મરણિયા બન્યા છે. આડમોર, લવાછા, ભાંડુત, ખોસાડિયા, પિંજરત સહિતનાં ગામોના ખેડૂતો સવાર-સાંજ ખેતરે પાણી માટે આંટા મારે છે. ઘણા ખેડૂતોના ઘઉંના છોડ પણ પાણી નહીં મળતાં વિકાસના અભાવે નાના રહી ગયા છે. આમ, આવા કેટલાય ખેડૂતોને તો ખર્ચો પણ માથે પડ્યો છે. મિરજાપોર અને કરંજ પારડી વિસ્તારના ખેડૂતો પણ પાણી માટે ફાંફાં મારી રહ્યાં છે. કેટલાકે નવેમ્બરમાં તો કેટલાક ખેડૂતોએ ડિસેમ્બરમાં ઘઉંની 20મીએ નહેર બંધ થઈ હતી. ફરી નહેર શરૂ થઈ ત્યાં સુધી શેરડીમાં પાણી મૂકતા ખેડૂતોને કારણે કાંઠા વિસ્તારમાં પાણી પહોંચ્યું જ નથી. જેથી જળવાતો નથી. ત્યારે આવા ખેડૂતો માટે નહેર વિભાગે ધ્યાન આપી ઘટતું કરવું જોઈએ એ જ કાંઠાના ખેડૂતોની માંગ છે.



જયેશ પટેલ

## દેલાસામાં પીવાના પાણીની સમસ્યા પણ ગંભીર

દેલાસા સહિત આસપાસના વિસ્તારમાં તો પાણીની ભારે કિલ્લત છે. હાલમાં વરિયાવ જૂથનું પાણી પાંચ દિવસથી આવતું નથી. એ માટે એવું કહેવાય છે કે, ટકારમા ખાતે લાઇન તૂટી ગઈ છે. ત્યારે પાણીનાં એક એક ટીપાની મોતીની જેમ બચત કરવી પડે છે. આથી આગામી દિવસોમાં પશુઓને પીવાનાં પાણી માટે પણ મુશ્કેલી સર્જાશે.

## ખાડીના પાણીથી ખરાશનું જોખમ, બે તળાવ ખાલીખમ થઈ ગયા

**કાંઠા** વિસ્તારના દેલાસા ગામના ખેડૂતોએ તો સેના ખાડીમાંથી નહેરના વેસ્ટેજ પાણી મશીનથી ખેતરમાં પિયત કરવાની શરૂઆત કરી દીધી છે. પરંતુ એમાં પણ મોટી ભરતી આવે તો પાણી લઈ શકાતું નથી. નાની ભરતી હોય તો નહેરના પાણી નીચે રહે, મશીન બંધ નહીં કરવું પડે. જો કે ખાડીના પાણીને કારણે જમીનની ગુણવત્તાને પણ ગંભીર અસર થાય છે. કારણ કે, ખાડીના પાણીમાં ખારનું પ્રમાણ હોય છે. આ સ્થિતિમાં કેટલાક ખેડૂતોએ ગામનાં તળાવો ઉપર નજર દોડાવી છે. જો કે, તળાવના સંગ્રહ કરાયેલા પાણીથી પિયતની શરૂઆત તો કરી, પરંતુ બે તળાવ ખાલીખમ થઈ ગયાં છે અને એકની હાલત કટોકટ છે. દેલાસામાં શેખપુરથી સાયણ અને સાયણથી ટકારમા થઈ કરંજ માઇનોરનું પાણી આવે છે.

# દહેજની અંબાણી ઓર્ગેનિક કંપનીમાં મધરાતે ભીષણ આગને પગલે ભયનો માહોલ

**રાસાયણિક** પ્રક્રિયા દરમિયાન રિએક્શન રનવે દરમિયાન આગ ફાટી નીકળતા કારીગરોમાં નાસભાગ મચી



## કંપનીને ક્લોઝર નોટિસ, તપાસનો રિપોર્ટ ઉચ્ચસ્તરે મોકલાશેઃ GPCB

GPCB ભરૂચના રિજિયોનલ ઓફિસર કિશોર વાઘમશીએ ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે આ ઘટના બનતા અમે વિઝીટ કરી રીપોર્ટ ઉચ્ચસ્તરે મોકલશું. આ બાબતે કંપનીને ક્લોઝર નોટિસ આપી છે.

ભરૂચઃ દહેજમાં અંબાણી ઓરકંપનીમાં મધ્યરાત્રી દરમ્યાન રાસાયણિક પ્રક્રિયા વેળા કેમિકલ રિએક્શન રનવે દરમ્યાન ધડાકા સાથે આગ ફાટી નીકળતા ભયનો માહોલ સર્જાયો હતો અને નાસભાગ મચી હતી.

દહેજમાં અંબાણી ઓર્ગેનિક કંપનીમાં મધ્યરાત્રી દરમ્યાન કંપનીના કામદારો રાત્રિ દરમ્યાન રાસાયણિક પ્રક્રિયા કરી રહ્યા હતા. તે વેળા કેમિકલ રિએક્શન રનવે દરમ્યાન ધડાકા સાથે આગ ફાટી નીકળતા નાસભાગ મચી હતી. આગનો કોલ મળતા ફાયટરો સાથે લશ્કરો સાથે દોડી ગયા હતા અને કલાકોની ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવવામાં સફળતા મળી હતી.

આગની ઘટનાને કંપનીના સત્તાધીશો અને તંત્ર દ્વારા છૂપાવવાના પ્રયાસ કરવામાં આવ્યો હોય તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. રાત્રી દરમ્યાન અંબાણી ઓર્ગેનિક કંપનીમાં નાઈટ શિફ્ટમાં ૧૮ કામદારો કામ કરી રહ્યા હતા. કંપનીમાં ધડાકાભેર આગ ફાટી નીકળતા કામ કરી રહેલા તમામ કામદારોના જીવ તાળવે ચોંટ્યા હતા અને કંપનીમાં નાસભાગ મચી હતી. તો બીજી તરફ આગની ઘટનામાં કેટલા કામદારોને ઈજા થઈ છે, પણ કંપનીના સત્તાધીશોએ કોઈપણ પ્રકારની સત્તાવાર માહિતી આપી ન હતી. આગના પગલે GPCB ભરૂચ, ડી વિભાગ સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને આગ ક્યા કારણોસર લાગી હતી તે દિશામાં તપાસ ચલાવી રહ્યા છે.

# એકતાનગર પોલીસ મથકનો ASI રૂ.3000ની લાંચ લેતાં રંગેહાથ ઝડપાયો

**જુગારનો** ધંધો બંધ કરી દેનારા વ્યક્તિ પાસે અગાઉનો બાકી હપ્તો માંગી, ધંધો ચાલુ કરવા, મળી જવા જણાવ્યું, ને...



ભરૂચ, રાજપીપળા : એકતાનગર પોલીસ મથકનો ASI ધવલ પટેલ રૂ.૩૦૦૦/-ની લાંચ લેતા રંગે હાથે ઝડપાઈ ગયો છે.

નર્મદા જિલ્લાના એકતાનગર પોલીસ સ્ટેશનમાં ASI તરીકે ધવલ વાડીલાલ પટેલ (ઉ.વ.૩૪ રહે-૩૨, શ્રીરામ સોસાયટી, જકાતનાકા પાસે રાજપીપળા) નોકરી કરતો હતો. અગાઉ એક વ્યક્તિ આંકડા-જુગારનો ધંધો કરતા હતા, ત્યારબાદ આ ધંધો તેમણે બંધ કરી દીધો હતો. એ વ્યક્તિ પાસે ધવલ પટેલે જુના વ્યવહારના હપ્તાની માંગણી કરી કરી ધંધો ચાલુ કરવો હોય તો રૂબરૂ મળી જવાનું જણાવ્યું હતું.

આ વ્યક્તિએ ભરૂચ ACBને ફરિયાદ કરી હતી. વડોદરા ACBના મદદનીશ નિયામક પી.એચ. ભેસાણીયાના સુપરવિઝનથી છટકું ગોઠવાયું હતું. વ્યક્તિની ફરિયાદના આધારે રવિવારે લાંચનું છટકું ગોઠવીને ASI ધવલ પટેલને પૈસા આપવાનું કહ્યું હતું. જે વ્યક્તિ સાથે ACBના PI એસ.વી. વસાવા ટ્રેપિંગ દરમ્યાન સાથે હોવાથી મેઈન બજારમાં પ્રતિમા હોટલની બહાર ASI ધવલ પટેલ રૂ.૩૦૦૦/- લાંચના છટકામાં, લાંચ લેતા આબાદ રીતે ઝડપાઈ ગયો હતો.

# બાકી વીજબિલ ભરવા સરકારે રાજપીપળા નગરપાલિકાને 8.74 કરોડની લોન આપી

**10** હપ્તામાં લોન ભરપાઈ કરવી પડશે, રકમ અન્ય હેતુ માટે વપરાશે તો ચીફ ઓફિસરની જવાબદારી ગણાશે

ભરૂચ,રાજપીપળાઃ રાજવી નગરી રાજપીપળા નગરપાલિકામાં રૂ.૮.૭૪ કરોડ લાઈટ બિલ બાકી હોવાથી DGVCL દ્વારા અગાઉ નોટિસ ફટકારવામાં આવી હતી. એક તબક્કે તો લાઈટ બિલ ભરણું બાકી પડતાં જ પાલિકાનું વીજ જોડાણ કાંપી નાંખતા અંધારપટ્ટ છવાઈ ગયો હતો. રાજપીપળા પાલિકા વીજબિલ ભરવામાં સક્ષમ ન હોવાથી આખરે સરકારે વીજ બિલ માટે સહાય કરવાની નોબત આવી છે.



રાજપીપળા પાલિકામાં બાકી વીજ બિલ માટે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા રૂ.૮.૭૪ કરોડ રૂપિયાની લોન આપી દેવાઈ છે. જે લોનમાં પાલિકાએ નક્કી કરેલી રકમ માટે ૧૦ હપ્તા ભરવાના રહેશે. લોન આપ્યા બાદ ઉલ્લેખનીય બાબત એ છે કે રાજપીપળા પાલિકાએ વીજબિલ ભરપાઈ કરવા માટે સરકારે આપેલી રકમ જો અન્ય હેતુ માટે વાપરશે તો તેની સંપૂર્ણ જવાબદારી ચીફ ઓફિસરની રહેશે.

## ભવિષ્ય માટે સોલાર પેનલ લગાડી ખર્ચમાં મહદઅંશે કરકસર કરવાનો પ્રયાસ કરાશેઃ પાલિકાના CEO

રાજપીપળા નગરપાલિકાના CEO રાહુલ ઢોડીયાએ જણાવ્યું હતું કે કમનસીબે રાજપીપળા પાલિકામાં આવકના સ્ત્રોત ઓછા છે. શોપિંગ સેન્ટરના ભાડા, ઘર વેરો સહિત અન્ય વેરાઓ મળીને વાર્ષિક આવક દોઢ કરોડ રૂપિયા આવે છે. જેમાં ખર્ચાઓ પણ હોય છે. જેને કારણે બિલ ભરી શકાતું ન હોવાથી લાઈટ બિલ બાકી બોલે છે. ભવિષ્યને ધ્યાને લઈને રાજપીપળા નગરપાલિકા દ્વારા સોલાર પેનલ લગાડવામાં આવશે જેથી વીજ બિલમાંથી થોડા અંશે રાહત મળશે.

બાતમીને આધારે ભરૂચ એલસીબી પોલીસની કાર્યવાહી

# ATMમાં મદદના બહાને ગ્રાહકના પૈસા ઉસેટતો રીઢો ચોર વડોદરાથી ઝડપાયો

**પાસવર્ડ** જાણી કાર્ડ બદલી અન્ય એટીએમમાં જઈ પૈસા ઉસેટતો હતો, રાજ્યના વિવિધ શહેરોના 31 ગુનાના ભેદ ઉકેલાયા

ભરૂચઃ ATMમાં પૈસા ઉપાડવા આવતા ગ્રાહકોને મદદના બહાને પાસવર્ડ જાણી ATMની બદલી કરી ફ્રોડ કરતા રીઢા ગુનેગારને ભરૂચ LCBએ દબોચી લીધો છે.

LCBની એક ટીમને એવી બાતમી મળી હતી કે અંક્લેશ્વર શહેર A-ડીવીઝનમાં નોંધાયેલા ગુનામાં સી.સી.ટી.વી. ફુટેજમાં દેખાતો ઈસમ તુષાર અનિલ કોઠારી (રહે,આણંદ છે), જે હાલ વડોદરામાં સ્કેવર હોટલ પાસે હાજર છે. જેથી ટીમે વડોદરા રેલ્વે સ્ટેશન નજીક સ્કેવર હોટલ વિસ્તારમાંથી તુષાર કોઠારીને ઝડપી પાડ્યો હતો.

સઘન પૂછપરછમાં આરોપીએ કબુલાત કરી હતી કે ATM પર પૈસા ઉપાડવા આવતા ગ્રાહકોને મદદ કરવાના બહાને તેમનું ATM બદલી નાંખી પાસવર્ડ જાણી તેમાંથી પૈસા ઉપાડી લેતો હતો. એક મહીના પહેલા આણંદથી અંક્લેશ્વર આવી સર્કલ ત્રણ બાજુ બેંક ઓફ બરોડાના ATM પર રેકી કરી એક વૃધ્ધ કાકાના ATM કાર્ડનો પાસવર્ડ જાણી તેમનું કાર્ડ બદલીને નજીકના ATM મશીનમાં જઈને કુલ પાંચ ટ્રાન્જેક્શન કરી કુલ રૂ.50 હજાર ઉપાડી લીધા હતા. આવું માત્ર અંક્લેશ્વર નહીં, પણ ગુજરાતના અમદાવાદ, વડોદરા, આણંદ, નડિયાદ,ભરૂચ અને સુરત સહિતના શહેરોમાં તેની સામે ૩૧ ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયેલા છે.

# અંકલેશ્વર પ્રતિન ચોકડી પાસેથી ટ્રેનમાં લવાયેલા 45 હજારના દારૂ સાથે બે ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે પ્રતિન ચોકડી પાસેથી વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડ્યા હતા.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે મુંબઈ સેન્ટ્રલ ટ્રેનમાં જયપુર ખાતેથી વિદેશી દારૂનો જથ્થો લાવી અંકલેશ્વર રેલવે સ્ટેશન ઉતરી રહ્યો છે. જેના આધારે પ્રતિન ચોકડી પાસે રેલવે સ્ટેશન બહાર વોચ ગોઠવી હતી. દરમિયાન પોલીસે શંકાસ્પદ ઈસમોને અટકાવી તપાસ કરતાં તેઓની પાસે રહેલ થેલામાંથી વિદેશી દારૂની ૬૦ નંગ બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૪૫ હજારનો દારૂ અને ફોન મળી કુલ રૂ.૫૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને બે ઈસમોને ઝડપી પાડ્યા હતા.

# પાલોદ છમુછલની ફેક્ટરીમાં મારામારીમાં ઈજાગ્રસ્ત કારીગરના મોતથી અજંપો

**7મીએ** મિત્રો બાખડી પડ્યા હતાં, ફરી કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ફેક્ટરી નજીક ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો




ઈબ્રાહિમ કાનુ

હથોડાઃ પાલોદ પોલીસ ચોકી હદના છમુછલ ગામની સીમમાં એક ફેક્ટરીમાં કામ કરતા કારીગર મિત્રો વચ્ચે સર્જાયેલી મારામારી બાદ એક યુવાનને ગંભીર ઈજા પહોંચતા સુરત સિવિલમાં આખરે દમ તોડતા ફરી એકવાર સુરત જિલ્લા પોલીસ દોડતી થઈ હતી.

છમુછલ ગામની સીમમાં એક ફેક્ટરીમાં કામ કરતા કારીગર મિત્રો વચ્ચે ગઈ તારીખ 7મીએ બોલાચાલી થયા બાદ મારામારી થઈ હતી. જેમાં રાજુ ધનજી મંડલ ગુપ્તા નામના કારીગરને સખત મૂઢમાર મારવામાં આવતા તેને સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આજે તેનું મોત થતાં ઘટના સ્થળે પોલીસ કાફલો પહોંચી ગયો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ નહીં બને તે માટે વિસ્તારમાં ચાંપતી નજર રાખવા સાથે મારામારી કરનારને દબોચી લેવા પોલીસે જાળ બિછાવી હતી.

સુરત સિવિલમાં કામદારનું મોત થતા પોલીસે સિવિલમાં પણ દોટ મૂકી હતી અને લાશનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# જંબુસર પિયરમાં રહેતી પરિણીતાની પતિ, સાસુ અને બે નણંદો સામે ત્રાસની ફરિયાદ

**ચારેયના** ત્રાસથી નવ મહિના પૂર્વે સાસરૂં છોડી પિયર આવી, કોઈ લેવા આવ્યું નહીં, ખબરઅંતર સુદ્ધાં પુછ્યા નહીં

ભરૂચઃ જંબુસર ખાતે પિયરમાં નવ મહિનાથી રહેતી ૨૯ વર્ષની પરિણીતાએ પતિ, સાસુ અને બે નણંદો સહિત ૪ સાસરીયા સામે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જંબાળંદ ખડકી ખાતે પિયરમાં રહેતી રહીશાબેન ઘાંચી (ઉ.વ.૨૯) ના લગ્ન ૯/૨/૨૦૧૨ના રોજ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ગોઠડા ગામે શકીલભાઈ છીતુંભાઈ ઘાંચી સાથે લગ્ન થયા હતા. સંતાનમાં બે દીકરીઓ છે. શરૂથી તેણીના પતિને સાસુ આબેદાબેન ઘાંચી, બે નણંદ પૈકી નજમાબેન અને અનીશાબેન દ્વારા પત્ની વિરુદ્ધ ખોટી ચઢામણી ઘણી વખત ઝઘડો થતા માર ખાવો પડતો હતો. રહીશાબેનને મોબાઈલનો ઉપયોગ ન કરવા દેતા હતા અને પરપુરુષ માટે અઘટિત સંબંધ રાખતા પૈસા મળશે એવા અપશબ્દો બોલતા હતા.

પત્નીએ પિયર જવું હોય ત્યારે ઉગ્ર મિજાજમાં પતિ કહેતો હતો કે તારે પિયર જવું હોય તો એકલી જા, હું તારી સાથે નહિ આવું એમ કહીને અપ શબ્દો બોલતા હતા.

વારંવાર અપશબ્દો અને મારઝૂડ થતા આખરે ગત ૨૨મી મે-૨૦૨૩ના રોજ રહીશાબેન નાની દીકરી સાથે પિયર આવી ગઈ હતી. પિયર આવ્યા બાદ તેણીને તેડવા સસરીયામાંથી કોઈ આવ્યા નહિ અને એક પણ વાર ખબર અંતર પૂછી ન હતી. આખરે તેમણે ભરૂચ મહિલા પોલીસમાં પતિ, સાસુ, બે નણંદો સામે ફરિયાદ નોંધાવી છે.

# કામરેજના ઈસમને વ્યાજચક્રમાં ફસાવી દેનારા છ વ્યાજખોરો સામે ફરિયાદ

**પહેલાં** 30 ટકા જેટલા ઊંચા વ્યાજે પૈસા દીર્ધા, બાદમાં વ્યાજનું વ્યાજ ચઢાવી બીજા પાસેથી રૂપિયા અપાવતા ગયા

કામરેજઃ કામરેજના એક ઈસમને રૂપિયાની જરૂર હોવાથી એક મહિલા સહિત છ લોકો પાસેથી ઊંચા વ્યાજે રૂપિયા લીધા બાદ વ્યાજે રૂપિયા આપનાર ઈસમોએ બે દુકાનનો સાટાખત કરાવીને લીધા બાદ પણ રૂપિયાની ઉઘરાણી કરતા કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

કામરેજના પટેલ ફળીયામાં રહેતાં મેહુલ બળવંતભાઈ પટેલને વર્ષ 2022માં વરાછાના દિવ્યાબેને કામરેજ ચાર રસ્તા ધરમ શોપીંગ સેન્ટરમાં ભગવાન રાહાભાઈ મેર સાથે ઓળખાણ કરાવી રૂ.5 લાખનું એક દિવસના રૂ.1000 લેખે વ્યાજની વાત કરી ચેક આપીને રૂપિયા લીધા હતા. વ્યાજ ચુકવવા દિવ્યાબેને ભગવાન મેર પાસેથી 30 ટકા લેખે રૂ.6 લાખ ફરી અપાવ્યા હતાં. રૂપિયા સમયસર ન ચુકવાતા ફરી વાર રૂ.3 લાખ લીધા હતા. કુલ રૂ. 14 લાખ વ્યાજે લીધા હતા.

વ્યાજે લીધેલા રૂ.14 લાખનું વ્યાજ મળી કુલ્લે રૂ.28,06,000ની રકમ થઈ જતાં રૂપિયા ન ચુકવાતા ભગવાનએ રાજુ ઠાકરશીભાઈ સુતરીયા અને પિતા ઠાકરશીભાઈ ઉર્ફે ભાભા હરીભાઈ સુતરીયાની સાથે ઓળખાણ કરાવી રૂ. 10 લાખ વ્યાજે અપાવ્યા હતા. જે રૂ.10 લાખ ભગવાન મેરને આપવાના રૂપિયામાં જમા કરાવી દીધા હતા. બાદમાં ઠાકરશીભાઈ ઉર્ફે ભાભાને પણ વ્યાજની સગવડ ન થતાં ઠાકરશી ઉર્ફે ભાભા ફોન પર અને મેસેજથી પૈસા નહીં આપશે તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી મેહુલ પાસેથી કામરેજ ચાર રસ્તા ખાતે લક્ષ્મી રેસીડન્સીમાં આવેલી બે દુકાન સિક્યુરિટી પેટે વેચાણથી બન્ને દુકાનનો સાટાખત ઠાકરશી ઉર્ફે ભાભાના પુત્ર રાજુના નામે કરાવી લીધો હતો.

તેમ છતાં પણ તેઓ રૂપિયાની માંગણી કરતા હતા. દિવ્યાબેન દેસાઈએ કામરેજ ખાતે રહેતા રઘુ ભગત ઉર્ફે ખાટકી તથા બેચર રાણાભાઈ ભડીયાદરા ઉર્ફે બેચર ભગતની સાથે મુલાકાત કરાવી દિવ્યાબેનએ રઘુ ભગત પાસેથી રૂ. 7 લાખ અને બેચર ભગત પાસેથી રૂ. 6 લાખ 30 ટકાના વ્યાજે અપાવ્યા હતા. આમ તમામ મેહુલ પાસેથી રૂપિયાની માંગણી કરતા હોવાથી કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# શારીરિક અડપલાં કરતાં કુવાડિયાના યુવકની હત્યા સગા માસીની દીકરીએ કરી હતી

**છીત્રા** ગામની સીમમાંથી લાશ મળી હતી, ખરાબ નજર રાખતો હોવાની યુવતીની પોલીસ સમક્ષ કેફિયત

પલસાણા : બારડોલી તાલુકાનાં છેવાડાના છીત્રા ગામે ખેતરોના રસ્તા ઉપર અજાણ્યા ઈસમોએ એક યુવકની લાકડીના સપાટા મારી હત્યા કરી નાંખી હતી. મૃતક કુવાડિયા ગામનો રહેવાસી હતો, હત્યામાં તેની સગી માસીની દીકરીની સંડોવણી બહાર આવતા પોલીસે તેની ધરપકડ કરી હતી.

છીત્રા ગામની સીમમાં એક ખેતરના શેઢાની બાજુમાં શુક્રવારે સાંજે એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. યુવકની ઓળખ બાજુના કુવાડિયા ગામના જીતુભાઈ ધીરુભાઈ હળપતિ (ઉ.વર્ષ 36) તરીકે થઈ હતી. જીતુને અજાણ્યા ઈસમોએ લાકડીના સપાટા મારીને તેની હત્યા કરી નાખી હતી.

જીતુ મૂળ ગામ પલસાણા તાલુકાના અંભેટી ગામનો વતની હતો અને પિતાના અવસાન બાદ માતાએ લગ્ન કરી લેતા તેના મોસાળમાં રહેતો હતો. પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

દરમિયાન એલસીબીને બાતમી મળી હતી કે, આ હત્યા કુવાડિયા ગામે રહેતી તેના સગા માસીની દીકરી રંજન ઉર્ફે બોડકી સંજય હળપતિએ કરી છે, એટલે પોલીસે તેને ઝડપી લીધી હતી. મહિલાએ જણાવ્યું કે, જીતુ તેની સગી માસીનો દીકરો છે, તેમ છતાં તે તેની પર ખરાબ નજર રાખતો હતો. ગત 9/2/2024ના રોજ કામ પરથી પરત આવતી વખતે રસ્તામાં ઉભો રહી શારીરિક અડપલાં કરવા લાગ્યો હતો. ના પાડવા છતાં માનતો ન હોય ગુસ્સામાં આવી રંજને જ લાકડાના ફટકા મારી હત્યા કરી નાંખી હતી.

Milano MULTIPLEX
બારડોલી
Teri Baaton Mein Aisa Ulja Jiya
10:00Am, 12:00Pm, 01:00Pm, 04:00Pm, 07:00Pm, 09:00Pm.
Lagan Special (Gujarati)
02:00Pm, 06:30Pm.
Fighter 11:00Am, 03:00Pm, 09:30Pm.
Sahadev 6:00pm,10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333